સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/ સીએન્ડઈ/2021 / 24175-82
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 04/ 09/ 2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ સપ્ટેમ્બર માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.
સંદર્ભઃ (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦
(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા. ૨૮/૦૭/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે COVID-19 સમય દરમિયાન હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર ઓગસ્ટ માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૫ માં પર્યાવરણ અને ગણિત તથા ધોરણ ૬ થી ૮માં વિજ્ઞાન વિષયની સામયિક મૂલ્યાંકન કસોટીઓ યોજાઈ ગયેલ.

સપ્ટેમ્બર -૨૦૨૧માં રાબેતા મુજબ લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- સપ્ટેમ્બર માસમાં ધોરણ ૩ અને ૪માં પર્યાવરણ અને ગુજરાતી, ધોરણ ૫માં હિન્દી અને ગુજરાતી તથા ધોરણ ૬ થી ૮માં ગુજરાતી, ગણિત તથા હિન્દી વિષયની કસોટીઓ યોજવામાં આવનાર છે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૦/૦૯/૨૦૨૧ થી તા.૨૨/૦૯/૨૦૨૧ દરમિયાન યોજવામાં આવનાર છે.
- તા.૧૯/૦૯/૨૦૨૧ સુધીમાં ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- ધોરણ ૬ થી ૮ની કસોટીઓ ઉપરોક્ત તારીખ દરમિયાન જે દિવસે વિદ્યાર્થીઓ શાળામાં આવે તે દિવસે લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ બિલકુલ શાળામાં ન આવતા હોય તેમને ઘરે કસોટીઓ પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૦/૦૯/૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર પણ તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત ગુજરાતી માધ્યમની કસોટીઓ જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code પરથી પણ મેળવી શકાશે.
- ધોરણ ૩ થી ૫ની કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે.

- કસોટી લેવાનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- શાળામાં ન આવતા ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓની કસોટીની ઉત્તરવહીઓ તા. ૦૧/૧૦/૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| અ.નં. | ધોરણ/ વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ધોરણ-3 | ધોરણ-4 | ધોરણ-5 | ધોરણ-6 | ધોરણ-7 | ધોરણ-8 |
| 1 | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) | ગુજરાતી (પ્રથમભાષા) |
| પ્રકરણ નંબર | 1,2,3 | 1,2,3 | 1,2,3 | 1 to 6 | 1 to 6 | 1 to 6 |
| 2 | પર્યાવરણ | પર્યાવરણ | હિન્દી | હિન્દી | હિન્દી | હિન્દી |
| પ્રકરણ નંબર | 5 to 7 | 5 to 7 | 1 to 4 | 1 to 4 | 1 to 4 | 1 to 5 |
| 3 | ------------ | ------------ | ------------ | ગણિત | ગણિત | ગણિત |
| પ્રકરણ નંબર | ------------ | ------------ | ------------ | 1 to 4 | 1 to 4 | 1 to 4 |

નોંધઃ અન્ય માધ્યમમાં ગુજરાતીને બદલે પ્રથમ ભાષાની તેમજ હિન્દી માધ્યમમાં હિન્દીને બદલે દ્વિતીય ભાષા ગુજરાતીની કસોટી લેવામાં આવશે.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ

- માન. શિક્ષણસચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

નકલ રવાનાઃ

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

જા.નં - 12859
તારીખ - 7/9/21
શાખા - ભા-1

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત શહેર અને જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓની તરફ
જાણ તથા અમલ સારૂ –

~~જિલ્લા શિક્ષણા~~ધિકારી,
સુરત, જિલ્લો, સુરત.